જીસ્વાન

Gujarat Police

ગુજરાત પોલીસ

# Gujarat Police

Office of The Addl DG of Police (L&O)
Gujarat State, Police Bhavan, Sector-18
Gandhinagar.
Phone-079-23254222 Fax: 079-23257700
E-Mail: dgp-stb-br@gujarat.gov.in

---

**ક્રમાંકઃ**-૧૮૬/STB/RB/દ્વીચક્રી/દરખાસ્ત/૪૦૮/૨૦૧૧ તા.૨૧/૦૫/૨૦૧૧

**વિષયઃ**-દ્વીચક્રી વાહનોને ટેક્ષી પાસિંગની મંજૂરી આપવા બાબત.

**સંદર્ભઃ**-(૧) અત્રેની કચેરીના ક્રમાંકઃ-૧૮૬/STB/RB/દ્વીચક્રી/દરખાસ્ત/૧૪૭/૦૯ તા.૧૭/૮/૦૯

(૨) વાહન વ્યવહાર કમિશનરશ્રીની કચેરી, ગુ.રા.,ગાંધીનગરના ક્રમાંકઃ-એમવીપી/૮૨૨૦૧૧/૫૯/૩૫૫૫ તા.૧૬/૫/૨૦૧૧

૧. ઉપરોકત વિષય અને સંદર્ભના અનુસંધાને જણાવવાનું કે, હાલમાં ત્રિચક્રી(ઓટો રીક્ષા) અને ચાર ચક્રી (ફોરવ્હીલર) તથા તેનાથી મોટા વાહનોને આર.ટી.ઓ.તરફથી ભાડુતી વાહન તરીકે ટેક્ષી પાસિંગની મંજૂરી આપવાનો શિરસ્તો અમલમાં છે. હાલમાં ઓટો રીક્ષાની સંખ્યામાં ઘણો મોટો વધારો થયો છે. જેનાથી ટ્રાફિકની તેમજ અન્ય સમસ્યાઓ ઉભી થયેલ છે.

૨. દ્વીચક્રી વાહનોને પ્રાયોગિક ધોરણે ભાડુતી વાહન તરીકે ટેક્ષી પાસિંગની મંજૂરી આપવા અત્રેથી સંદર્ભ નં.૧ ના પત્રથી અગ્ર સચિવશ્રી, વાહન વ્યવહાર વિભાગ, ગુ.રા., ગાંધીનગરનાઓને દરખાસ્ત કરેલ છે.(નકલ સામેલ છે.)

3. તેઓ તરફથી સંદર્ભ નં.૨ ના પત્રથી **" દ્વીચક્રી વાહનોને ટેક્ષી પાસિંગ આપવા બાબતે"** ભારત સરકારના **" રેન્ટ એ મોટર સાયકલ સ્કીમ-૧૯૯૭ "** હેઠળ મોટર સાયકલ ભાડે લઇને પોતાનો અંગત ઉપયોગ કરી શકે છે તેમજ **" મુંબઇ મોટર વાહન કર અધિનિયમ-૧૯૫૮** માં પણ મુસાફરોના ઉપયોગ માટેના દ્વીચક્રી વાહનો પર વેરો લેવાની જોગવાઇ છે." તેમ દર્શાવીને આ બાબતે ભવિષ્યમાં આ પ્રકારના લાયસન્સ મેળવવા અરજી આવશે તો સંબંધિત કચેરી તરફથી પરમીટ આપવામાં આવશે તેમ જણાવેલ છે.(નકલ સામેલ છે.)

૪. આ રીતે દ્વીચક્રી વાહનને ભાડુતી વાહન તરીકે ટેક્ષીના પરમીટ માટેની પ્રાથમિક જરૂરીયાતોની જાણકારી માટે અને દ્વીચક્રી વાહનને ભાડુતી વાહન તરીકે ટેક્ષી પરમીટ લેવા માટેના ઉત્સુક નાગરીકો વાહન વ્યવહાર વિભાગનો સંપર્ક કરી શકે તેવી માહિતીથી નાગરીકોને અવગત કરવાની જરૂરીયાત છે.

**દ્વીચક્રી ટેકસીના ફાયદાઓઃ-**

(૧) ફકત એક પેસેન્જરવાળા કિસ્સાઓમાં મોટાભાગે પેસેન્જરો ઓટો રીક્ષાની જગ્યાએ ટુ વ્હીલરની પસંદગી કરશે. જેથી ઓટો રીક્ષાની સંખ્યા ઘટતાં તેવી ઓછી થયેલી ઓટોરીક્ષા કરતા બમણી સંખ્યામાં દ્વીચક્રી ટેક્ષીની સંખ્યા વધશે તો ટ્રાફિકની ગીચતા ઘટશે અને ટ્રાફિકની સમસ્યા હળવી થશે.

(૨) વધારે ચાલકોને રોજગારીની તકો સાંપડશે.

(૩) ગ્રાહકને દ્વીચક્રી વાહનનું ભાડું ઓછુ આપવાનું થશે જેનાથી ગ્રાહકને ફાયદો થશે.

(૪) થ્રી વ્હીલરના સ્થાને ટુ વ્હીલરનો વપરાશ વધારે થવાના કારણે ઇંધણનો બચાવ થશે તેમજ પ્રદુષણમાં ઘટાડો થશે.

(૫) ટુ વ્હીલર ગીચ ટ્રાફિકમાં પણ રસ્તો કાઢીને ઝડપથી ચાલશે તેનાથી સમયનો બચાવ થશે.

**૫.** ઉપર જણાવ્યા મુજબ સીધા અને આડકતરા ફાયદાઓને ધ્યાને લેતાં આ બાબતે આ અંગેની જોગવાઇઓ હોવા છતાં નાગરીકોમાં તેની જાણકારીના અભાવને કારણે આ પ્રથા અમલમાં નથી. જેથી ટ્રાફીકની સમસ્યા નિવારવા દ્વીચક્રી વાહનોને ટેકસી પરમીટ મેળવવા અંગે બહોળો પ્રચાર કરી/કરાવી અમલ કરાવવા સુચના છે. બહોળા પ્રચાર માટે વિભાગના ઉપલબ્ધ ઉપાયો ઉપરાંત દૈનિક સમાચારપત્રો, ટીવી, થિયેટરો વિગેરે પ્રિન્ટ મીડીયા અને ઇલેકટ્રોનીક મીડીયા મારફતે તથા પ્રેસનોટ સહિતના પ્રયત્નો થકી નાગરીકોના ફાયદાવાળી આ બાબતનો તમામ મહત્તમ ફાયદો ઉઠાવે તેવી તજવીજ કરવા જણાવવામાં આવે છે.

**૬. વાહન વ્યવહાર કમિશનરશ્રી કચેરીનો સંદર્ભ-૨ વાળો પત્ર તૈયારના સંદર્ભ તરીકે આ સાથે સામેલ રાખેલ છે જે અવલોકને લઇ મોટી સંખ્યામાં દ્વીચક્રી ટેક્ષીઓ અમલમાં આવે તે પ્રકારની ઘટીત કાર્યવાહી કરશો.**

**બિડાણઃ**-ઉપર મુજબ

**(સુધીર સિન્હા)**
અધિક પોલીસ મહાનિદેશક
(કા.અને વ્ય.),ગુ.રા.,ગાંધીનગર
27.5.11,

પ્રતિ
- પોલીસ કમિશનરશ્રી, તમામ ગુ.રા.,
- રેન્જવડાશ્રી, તમામ ગુ.રા.,
- પોલીસ અધિક્ષકશ્રી, (વે.રે.સહીત) તમામ ગુ.રા.,

**<u>નકલ રવાનાઃ-</u>**

જનસંપર્ક અધિકારીશ્રી,
પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીની કચેરી, ગુ.રા.,ગાંધીનગર
૨/- સંદર્ભના પત્રો અન્વયે બહોળી પ્રસિધ્ધી માટે અખબારી યાદી બહાર પાડવા સારૂ.

[redacted]

Gujarat Police

ગુજરાત પોલીસ

# Gujarat Police

ક્રમાંક:૧૮૬/એસટીબી/આરબી/દ્વિચક્રી/દરખાસ્ત/૧૪૭/૦૯
પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીની કચેરી
ગુજરાત રાજ્ય, પોલીસ ભવન, સેક્ટર-૧૮, ગાંધીનગર
તા.૧૭/૮/૨૦૦૯

પ્રતિ
શ્રી એચ. કે. દાસ, આઇ.એ.એસ.
અગ્ર સચિવશ્રી,
બંદર અને વાહન વ્યવહાર વિભાગ,
ગુજરાત સરકાર, ગાંધીનગર.

**વિષયઃ** મહાનગરપાલિકા વિસ્તારમાં દ્વિચક્રી વાહનોને ટેક્ષી પાસિંગ ની મંજૂરી આપતો નિયમ ઘડી કાઢવા અંગે.

મહાશય,

ઉપરોક્ત વિષય અનુસંધાને સવિનય જણાવવાનું કે હાલના સમયમાં ત્રિચક્રી (ઓટો રીક્ષા) અને ચાર ચક્રી (ફોરવ્હીલર) તથા તેનાથી મોટા વાહનોને આર.ટી.ઓ. તરફથી ટેક્ષી પાસિંગની મંજૂરી આપવાનો શિરસ્તો અમલમાં છે. મહાનગરપાલિકા વિસ્તારમાં હાલમાં ઓટો રીક્ષાની સંખ્યામાં ઘણો મોટો વધારો થયો છે. જેનાથી ટ્રાફિકની તેમજ અન્ય સમસ્યાઓ ઉભી થયેલ છે. મોટાભાગે ઓટો રીક્ષામાં ફક્ત એક પેસેન્જર ફરતા હોય છે. જો દ્વિચક્રી (ટુ વ્હીલર) વાહનોને મહાનગરપાલિકા વિસ્તારમાં પ્રાયોગિક ધોરણે પણ ટેક્ષી પાસિંગની મંજૂરી આપવામાં આવે તો નીચે મુજબના લાભો સરકાર અને પ્રજાને થશે.

(૧) ફક્ત એક પેસેન્જરના કિસ્સાઓમાં મોટાભાગે પેસેન્જરો ઓટો રીક્ષાની જગ્યાએ ટુ વ્હીલરની પસંદગી કરશે. જેથી ઓટો રીક્ષાની સંખ્યા ઘટતાં ટ્રાફિકની સમસ્યા હળવી થશે.
(૨) ગ્રાહકને ટુ વ્હીલરનું ભાડું ઓછું આપવાનું રહેતાં ગ્રાહકને ફાયદો થશે.
(૩) ટુ વ્હીલરને મોટી સંખ્યામાં ટેક્ષી પાસિંગની પરમીટ આપવાથી રોજગારીની તકો વધશે.
(૪) ટુ વ્હીલરનો વપરાશ થવાના કારણે ઇંધણનો બચાવ થશે તેમજ પ્રદુષણમાં ઘટાડો થશે.

૨. ઉપર જણાવ્યા મુજબ સીધા અને આડકતરા ફાયદાઓને ધ્યાને લેતાં રાજ્યની મહાનગરપાલિકા વિસ્તારોમાં દ્વિચક્રી વાહનોને પ્રાયોગિક ધોરણે પણ ટેક્ષી પાસિંગની મંજૂરી આપવા માટેનો નિયમ ઘડી કાઢવા નમ્ર વિનંતિ છે.

**(સુધીર સિન્હા)**
અધિક પોલીસ મહાનિદેશક
(કાયદો અને વ્યવસ્થા), ગુ.રા., ગાંધીનગર
17.8.09

**નકલ સવિનય રવાનાઃ**

ક્રમાંક/એમવીપી/૮૨૨૦૧૧/૫૯/ ૩૫૫૫
વાહન વ્યવહાર કમિશ્નરશ્રીની કચેરી
ડો.જીવરાજ મહેતા ભવન,બ્લોક નં.૬,
બીજે માળ, સચિવાલય, ગાંધીનગર.
તારીખ.૧૬-૫-૨૦૧૧.

પ્રતિ,
અધિક પોલીસ મહાનિર્દેશકશ્રી (કા.અને વ્યવસ્થા)
પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીની કચેરી,
ગુજરાત રાજય, પોલીસ ભવન, સેકટર-૮,
ગાંધીનગર-૩૮૨૦૧૮.

વિષય:-ધ્વિચક્રી વાહનોને ટેક્ષી પાસીંગ આપવા અંગે.
સંદર્ભ:-નિમપત્રક્રમાંક-એસટીબી-૧૮૬-આરબી-૪૦૦-૧૦,તા.૨૮-૧૨-૨૦૧૦.

મે.સાહેબશ્રી,

ઉપરોકત વિષય અને સંદર્ભે જણાવવાનું કે, રાજયની મહાનગરપાલિકા વિસ્તારોમાં ધ્વિચક્રી વાહનોને ટેક્ષી પાસીંગ આપવા બાબતે ભારત સરકારનાં રેન્ટ એ મોટર સાયકલ સ્કીમ,૧૯૯૭ હેઠળ મોટર સાયકલ ભાડે લઈને પોતાનો અંગત ઉપયોગ કરી શકે છે.

મુંબઈ મોટર વાહન કર અધિનિયમ,૧૯૫૮ માં પણ મુસાફરોનાં ઉપયોગ માટેનાં ધ્વિચક્રીય વાહનો પર વેરો લેવાની જોગવાઈ છે. જેથી આ બાબતે કોઈ નવા નિયમ બનાવવાની જરુર જણાતી નથી. જે ભવિષ્યમાં આ પ્રકારનું લાયસન્સ મેળવવા માટે અરજી આવશે તો સંબંધિત કચેરી તરફથી પરમીટ આપવામાં આવશે. જે વિદિત થાય.

નોંધ પર કમિશ્નરશ્રીની મંજુરી મુજબ.

સંયુકત વાહન વ્યવહાર નિયામક
ગુજરાત રાજય,ગાંધીનગર.

નકલ રવાના :- પ્રતિ,
અધિક મુખ્ય સચિવશ્રી, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ, બીજો માળ, બ્લોક નં.૨, નવા સચિવાલય, ગાંધીનગરને જાણ સારુ.

:પુરબિયા:પીસી:૨:૧૬:

File
RB In
Date
Sign